રાજકોટ મહાનગરપાલિકા

ડો. આંબેડકર ભવન, ઢેબરભાઈ રોડ, રાજકોટ-૩૬૦ ૦૦૧

-: અખબારી યાદી:-

# સેન્ટ્રલ ઝોનમાં જાહેર રસ્તા પર પાણી નિકાલ કરતા વધુ ૦૩ આસામીઓની મોટર જપ્ત

તા. ૧૪/૦૮/૨૦૧૯

રાજકોટ શહેરમાં જે-તે આસામીઓ દ્વારા સેલર કે ચાલુ બાંધકામ સાઇટનાં પાયાનાં ખોદાણમાંથી જાહેર રસ્તા પર પાણી નિકાલ કરતા જણાયેથી તેઓને લેખિત તાકિદ કરી, ડી-વોટરીંગ મશીનરી જપ્ત કરી નિયમાનુસાર દંડનીય કાર્યવાહી કરવા મ્યુનિ. કમિશનર શ્રી બંછાનિધિ પાનીએ આદેશ આપ્યો છે. જેના પગલે આજે સેન્ટ્રલ ઝોનમાં ૦૩ મોટર જપ્ત કરવામાં આવેલ છે.

સેન્ટ્રલ ઝોનમાં વોર્ડ નં.૦૭માં (૧) કલ્યાણ જ્વેલર્સ, દો. યાજ્ઞિક રોડ, (૨) શ્રી નિધી કોમ્પ્લેક્ષ્, રામકૃષ્ણ નગર-૬/૨ ઈસ્ટ, અને (૩) બિઝનેસ એમ્પાયર બિલ્ડીંગ, મારૂતિ કુરિયરની સામે, જુના જાગનાથ પ્લોટ માંથી રોડ પર પાણી છોડવામાં આવતા હોવાનું જોવા મળતા મોટર જપ્ત કરવામાં આવેલ છે.

દર વર્ષે ભારે વરસાદને કારણે શહેરમાં સ્થાનિક લોકો તથા બિલ્ડરો દ્વારા હયાત સેલરો તથા નવા બનતા બિલ્ડીંગનાં પાયાનાં ખોદાણમાં ભરાયેલ પાણીનો શહેરનાં મુખ્ય/આંતરીક રસ્તાઓ પર તથા ભૂગર્ભ ગટરમાં ડી-વોટરીંગ કરીને નિકાલ કરતા હોવાનું ધ્યાને આવેલ છે. આ રીતે પાણીનાં નિકાલને કારણે રસ્તાઓને ખૂબ જ નુકશાન થાય છે જેથી નાગરિકોને અવર-જવરમાં પારાવાર મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે તેમજ ટ્રાફિકની સમસ્યાઓ પણ ઉદ્દભવે છે. આ ઉપરાંત સદરહુ પાણી ભૂગર્ભ ગટરમાં નિકાલ કરવાને કારણે હયાત ભૂગર્ભ ગટરની પાઇપલાઇનોમાં ઓવર કેપેસીટીને કારણે મેનહોલ ઉભરાવાની સમસ્યા ઉદ્દભવે છે તથા ડ્રેનેજ પાઇપલાઇનો દિવસો સુધી હેડીંગ થવાના કારણે ભૂગર્ભ ગટરનાં ગંદા પાણી ઉભરાઇને રસ્તા ઉપર ફેલાય છે, જેનાં કારણે લગત વિસ્તારોમાં ગંદકી ફેલાવાને લીધે લોકોનું આરોગ્ય જોખમાય છે.

(જન સંપર્ક અધિકારી)

રાજકોટ મહાનગરપાલિકા